૪.(૧) ખ(૨)પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો :–

એડમીનીસ્ટ્રેટીવ ઓફિસરશ્રી :–

૧	ખાતાનું ઓવરઓલ સુપરવિઝન, એડમીનીસ્ટ્રેશન
૨	લેવલ–૪ અને ૫ ના કર્મચારીઓ સાથે ખાતાકીય કામગીરીની ચર્ચા તથા કામની સોંપણી.
૩	કોર્ટ કેસોને લાગત રિપોર્ટ, પેનલના વકીલશ્રીની નિમણુંક તથા તેઓના બીલ અંગેની મંજુરી, ડે.મ્યુનિ.કમિશનરશ્રીને મોકલવી.
૪	જુદા જુદા યુનિયન તરફથી કોર્ટ મેટરને લાગત પત્રોનો નિકાલ કરવો.

આસી.લો ઓફિસરશ્રીઃ–

૧	સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતા પ્રશ્નોના અભિપ્રાય આપવા તેમજ કાયદાકીય બાબતો અંગે ઝોનો સાથે સંકલન કરી માહિતી આપવી. કન્સીલેશન કેસોમાં શ્રમઆયુકત કચેરીમાં રૂબરૂ હાજર રહી રજુઆત કરવી. જરૂર પડયે ડીસ્ટ્રીકટ કોર્ટ, લેબર કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રિમકોર્ટમાં હાજર રહી પેનલ એડવોકેટશ્રી સાથે કેસો બાબતે ચર્ચા વિચારણા કરવી.
૨	મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મંગાવવામાં આવતા અભિપ્રાયો આપવાની કાર્યવાહી.
૩	સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ મધ્યસ્થ મહેકમ વિભાગના જે કેસોમાં ચુકાદા આપવામાં આવ્યા હોય તેવા કેસોમાં હકુમત ધરાવતી અદાલતોમાં પેનલ એડવોકેટ સાથે ચર્ચા કરી અપીલ દાખલ કરાવવાની કાર્યવાહી તેમજ આવી અપીલો જો વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી માટે રાખેલ હોય તો પેનલ એડવોકેટની સુચના મુજબ સુનાવણીના સમયે અદાલતમાં હાજર રહી પેનલ એડવોકેટ સાથે જરૂરી ચર્ચા કરી મહાનગરપાલિકા તરફે રજુઆત કરાવવાની કાર્યવાહી.
૪	સુરત મહાનગરપાલિકાના વિભાગીય વડાઓ ધ્વારા જયારે જયારે પણ કાનુની મુદ્દાઓ બાબતે ચર્ચા કરવા બોલાવવામાં આવે ત્યારે જરૂરી ચર્ચા કરી કાનુની માર્ગદર્શન આપવાની કામગીરી

સેકશન ઓફિસરશ્રીઃ–

૧	ખાતાનું ઓવરઓલ સુપરવિઝન, એડમીનીસ્ટ્રેશન કરવાનું.
૨	મધ્યસ્થ મહેકમ લીગલ સેકશન હસ્તકના કોર્ટ કેસોને લાગત રિપોર્ટો રવાના કરવા વિગેરે.
૩	નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તથા સુરતની શ્રમઆયુકતની કચેરી, લેબર કોર્ટ, ઔધોગિક કોર્ટમાં ચાલતા કેસોની કાર્યવાહી દરમ્યાન હાજર રહેવું.
૪	જવાબો તૈયાર કરાવવા બાબતે પ્રથમ શ્રેણી કારકુનને માર્ગદર્શન પુરૂ પાડવું
૫	ડી.પી.ઓર્ડર નં.૧૯/૯૬–૯૭ થી ઈસ્યુ કરવામાં આવેલ હુકમો અનુસાર ખાતાને લગતી તમામ કામગીરી.
૬	પસોર્નેલ ઓફિસરશ્રીની સીધી દેખરેખ હેઠળની કામગીરી.
૭	વહીવટી કામગીરીઓનું સુપરવિઝન, રીપોર્ટીંગ, મંજુરી વિગેરે પ્રકારની કામગીરી.

બીજી શ્રેણી કલાર્ક (૧) :–

૧	રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ અરજીઓનું રજીસ્ટર બનાવી અરજદારોને સમય મર્યાદામાં માહિતી/પ્રત્યુત્તર આપવાની કામગીરી

૨	જુદા જુદા ખાતા/ઝોનોમાં કોર્ટ મેટરને લાગત તથા અન્ય રિપોર્ટો ઉપરી અધિકારીને સાદર કરવાની કામગીરી.
૩	વકીલશ્રીની ઓફિસે જવાબો તૈયાર કરાવવા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તથા સુરતની શ્રમઆયુકતની કચેરી, લેબર કોર્ટ, ઔદ્યોગિક કોર્ટમાં ચાલતા કેસોની કાર્યવાહી દરમ્યાન હાજર રહેવું.
૪	નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુરતની શ્રમઆયુકતની કચેરી, લેબર કોર્ટ,ઔધોગિક કોર્ટમાં ઠરાવની તારીખે હાજર રહેવાનું અને વકીલે તૈયાર કરાવેલ જવાબ તથા દસ્તાવેજો/પુરાવા વકીલશ્રી મારફત કોર્ટમાં રજુ કરાવવાની કામગીરી કરવી.

બીજી શ્રેણી કલાર્ક (૨) :–

૧	મધ્યસ્થ મહેકમ (લીગલ સેકશન) ખાતામાં વિવિધ ઝોન/ખાતાઓ માંથી આવતી ટપાલોનું ઈનવર્ડ તેમજ વિવિધ ઝોન/ખાતાઓમાં મોકલવામાં આવતી ટપાલોનું આઉટવર્ડ રજીસ્ટર નિભાવવાની કામગીરી.
૨	સુરત મહાનગરપાલિકાના વિવિધ અદાલતોમાં ચાલતા કેસોની દાવા સ્યુટ રજીસ્ટરમાં નોંધણી કરવા અંગેની કામગીરી.
૩	મધ્યસ્થ મહેકમ (લીગલ સેકશન) હસ્તકના વિવિધ કોર્ટ કેસને લાગત રીપોર્ટો ટાઈપ તેમજ ડેટા એન્ટ્રી કરવાની કામગીરી.
૪	આસી. લો ઓફિસરશ્રી તેમજ સેકશન ઓફિસરશ્રી મારફત સોંપવામાં આવતી કામગીરી.

પટાવાળા :–

૧	જુદા જુદા ખાતા/ઝોનોમાં ટપાલો પહોંચાડવાની કામગીરી.
૨	પેનલના વકીલશ્રીને કોઈપણ પત્ર કે નોટીસ કે કેસ પેપર્સ તેઓના ઓફિસ/નિવાસસ્થાને પહોંચાડવાની કામગીરી.
૩	મધ્યસ્થ મહેકમ ખાતા ધ્વારા સેન્ટ્રલ સ્ટોરમાંથી લવાતી સ્ટેશનરી તથા અન્ય ચીજવસ્તુઓ લાવવાની કામગીરી.
૪	ઓફિસમાં સાફસફાઈ અંગેની કામગીરી.
૫	તમામ રીપોર્ટોને ફાઈલ કરવાની કામગીરી.